ત્રણ લાખ એકાણું હજાર,
ત્રણસેં વીશ તે બિંબ જુહાર. ॥૯॥
વ્યંતર જયોતિષીમાં વળી જેહ,
શાશ્વતા જિન વંદું તેહ;
ઋષભ ચન્દ્રાનન વારિષેણ,
વર્દ્ધમાન નામે ગુણસેણ. ॥૧૦॥
સમેતશિખર વંદું જિન વીશ,
અષ્ટાપદ વંદું ચોવીશ;
વિમલાચલ ને ગઢ ગિરનાર,
આબુ ઉપર જિનવર જુહાર. ॥૧૧॥

શંખેશ્વર કેસરિયો સાર,
તારંગે શ્રી અજિત જુહાર;
અંતરિક્ખ વરકાણો પાસ,
જીરાવલો ને થંભણ પાસ. ॥૧૨॥
ગામ નગર પુર પાટણ જેહ,
જિનવરચૈત્ય નમું ગુણગેહ;
વિહરમાન વંદું જિન વીશ,
સિદ્ધ અનંત નમું નિશદિશ. ॥૧૩॥
અઢી દ્વીપમાં જે અણગાર,
અઢાર સહસ શીલાંગના ધાર;
પંચ મહાવ્રત સમિતિ સાર,
પાળે પળાવે પંચાચાર. ॥૧૪॥
બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ.
તે મુનિ વંદું ગુણમણિમાલ;
નિત નિત ઉઠી કીર્તિ કરું,
"જીવ" કહે ભવસાયર તરું. ॥૧૫॥

(ભાવાર્થ:-આમાં ત્રણ લોકની અંદર આવેલા શાશ્વતા અશાશ્વતા ચૈત્યો તથા તેની અંદર રહેલી પ્રતિમાઓની સંખ્યા બતાવી, તેમને નમસ્કાર કરવામાં આવ્યો છે, આ તીર્થમાળા શ્રી જીવવિજયજી મહારાજાએ રચેલ છે.)

૫૨ પોસહનું પચ્ચક્ખાણ

કરેમિ ભંતે! પોસહં આહાર-પોસહં દેસઓ સવ્વઓ, સરીર-સક્કાર-પોસહં સવ્વઓ. બંભચેર-પોસહં સવ્વઓ, અવ્વાવાર-પોસહં સવ્વઓ, ચઉવ્વિહં પોસહં ઠામિ, જાવ દિવસં [અહોરત્તં] પજ્જુવાસામિ; દુવિહં, તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, ન કારવેમિ; તસ્સ ભંતે! પડિક્કમામિ નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

(ભાવાર્થ:-આ પોસહનું પચ્ચક્ખાણ છે, એમાં પોસહના ચાર પ્રકાર બતાવ્યા છે. પોસહ લઇને નિંદા વિકથામા ન પડતાં ધર્મને પુષ્ટિ મળે, તેવું વર્તન રાખવાનું સમજવું.)

૫૩ પોસહ પારતાં ગાથા.

સાગર-ચંદો કામો,
ચંદવડિંસો સુદંસણો, ધન્નો;
જેસિં પોસહ-પડિમા,
અખંડિઆ જીવિઅંતે વિ. ॥૧॥
ધન્ના સલાહણિજ્જા,
સુલસા આણંદ,-કામદેવા ય;
જાસ પસંસઇ ભયવં,
દઢવ્વયત્તં મહા-વીરો. ॥૨॥

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિ હુ મન, વચન; કાયાએ કરી. મિચ્છા મિ દુક્કડં ॥

પોસહના અઢાર દોષ માંહે જે કોઈ દોષ લાગ્યો હોય. તે સવિ હુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥

ભાવાર્થ:—આ ગાથાઓ પોસહ પારતી વખતે બોલાય છે. આમાં વારંવાર પોસહ કરવાની આપણને ભાવના થાય માટે દ્દષ્ટાંતરૂપ થવા માટે પોસહવ્રતમાં દૃઢ રહેલા શ્રાવક શ્રાવિકાઓની પ્રશંસા કરવામાં આવી છે.

૫૪ સકલકુશલવલ્લી૦

સકલ–કુશલ–વલ્લી–પુષ્કરાવર્ત–મેઘો,
દુરિતતિમિરભાનુઃ   કલ્પવૃક્ષોપમાનઃ;
ભવજલનિધિપોત : સર્વસંપત્તિહેતુઃ;
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથઃ   ૧

૫૫ સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર વીતરાગ ! ત્રિભુવન તમે ઉપગારી;
શ્રી શ્રેયાંસપિતા કુળે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભલંછને વિરાજમાન, વંદે નરનારી. ૨
ધનુષ પાંચસેં દેહડીએ, સોહીએ સોવન વાન;
'કીર્તિવિજય'ઉવજ્ઝાયનો,'વિનય'ધરે તુમ ધ્યાન.૩

૫૬ શ્રી સીમંધર જિન સ્તવન

પુષ્કલવઈ વિજયે જયો રે, નયરી પુંડરિગિણી સાર,
શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંસ કુમાર,
જિણંદરાય ! ધરજો ધર્મસનેહ. ૧

મોટા નાના આંતરો રે, ગિરુઆ નવિ દાખંત;
શશિ દરિસણ સાયર વધે રે, કૈરવવન વિકસંત.
જિણંદરાય૦ ૨

ઠામ કુઠામ ન લેખવે રે, જગ વરસંત જળધાર;
કર દોય કુસુમે વાસીએ રે, છાયા સવિ આધાર.
જિણંદરાય૦ ૩

રાય ને રંક સરિખા ગણે રે, ઉદ્યોતે શશિ સૂર;
ગંગાજળ તે બિહુંતણા રે, તાપ કરે, સવિ દૂર.
જિણંદરાય૦ ૪

સરિખા સહુને તારવા રે, તિમ તમે છો મહારાજ,
સુજશું અંતર કિમ કરો રે? બાંહ્ય ગ્રહ્યાની લાજ.
જિણંદરાય૦ ૫

મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ;
મુજરો માને સવિતણો રે, સાહિબ તેહ સુજાણ.
જિણંદરાય૦ ૬

વૃષભલંછન માતા સત્યકી રે, નંદન રૂકિમણિકંત;
'વાચકજસ' ઈમ વિનવે રે, ભયભંજન ભગવંત.
જિણંદરાય૦ ૭

૫૯ શ્રી સીમંધર જિન સ્તવન.

સીમંધર જિનવર! સુખકર સાહિબ દેવ!;
અરિહંત સકળની, ભાવ ધરી કરું સેવ;

વિધિઓ :

૬૧ ગુરુવંદનનો વિધિ.

પ્રથમ બે ખમાસમણ દઈ, પછી ઈચ્છકાર સુહરાઈ નો પાઠ કહી અબ્ભુટ્ઠિઓ પદવીધરોને ખમાસમણ દઇ ખામવો ને ખમાસમણ દઇ પચ્ચક્ખાણ લેવું.

૬૨ ચૈત્યવન્દન કરવાનો વિધિ.

પ્રથમ ત્રણ "ખમાસમણ" દેવાં, પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું ? ઇચ્છં૦ સકલકુશલ-વલ્લી૦ કહી ચૈત્યવંદન કહેવું. પછી જંકિંચિ કહી બે હાથ જોડી નાસિકા સુધી હાથ ઉંચા રાખી, નમુત્થુણં, જાવંતિ ચેઈઆઇં કહી, ખમાસમણ દઈ જાવંત કેવિ સાહૂ૦ નમોઽર્હંત કહી સ્તવન કહેવું. પછી બે હાથ જોડી લલાટે લગાડી જય-વીયરાય કહેવા. (આભવમખંડા સુધી કહ્યા પછી, હાથ જરા નીચે ઉતારી લેવા) પછી ઉભા થઇ અરિહંત ચેઈ-આણં૦ અન્નત્થ૦ કહી. એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી નમોઽર્હંત્ કહી થોય કહેવી.

૬૩ સામાયિક લેવાનો વિધિ.

પ્રથમ ઉંચે આસને પુસ્તક પ્રમુખ મૂકી, શ્રાવક-શ્રાવિકા કટાસણું, મુહપત્તિ, ચરવળો લઈ, શુદ્ધ વસ્ત્ર પહેરી, જગ્યા પ્રમાર્જી કટાસણા ઉપર બેસી મુહપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી, જમણો હાથ સ્થાપનાજી સન્મુખ રાખી, એક નવકાર ગણી, પંચિંદિઅ કહી, ખમાસમણ દઇ, ઈરિયાવહિયં, તસ્સ-

ઉત્તરી, અન્નત્થ ઊસસિએણં, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, પ્રગટ લોગસ્સ કહેવો.

પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુહપત્તિ પડિલેહઉં ? ઇચ્છં એમ કહી, મુહપત્તિ તથા અંગની પડિલેહણા પચાસ બોલ કહી કરવી.

પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદિસાહઉં ? ઇચ્છં કહી, ખમા૦ દઈ ઇચ્છા૦ સામાયિક ઠાઉં ? ઇચ્છં એમ કહી, બે હાથ જોડી, એક નવકાર ગણી, ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી, એમ કહેવું, પછી વડીલ અને તે ન હોય તો પોતે કરેમિભંતે કહે.

પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ બેસણે સંદિસાહઉં ? ઇચ્છં કહી, ખમા૦ દઈ ઇચ્છા૦ બેસણે ઠાઉં ? ઇચ્છં કહી, ખમા, દઈ ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહઉં ? ઇચ્છં૦ કહી ખમા૦ દઈ ઇચ્છા૦ સજ્ઝાય કરું ? ઇચ્છં એમ કહી ત્રણ નવકાર ગણવા. પછી બે ઘડી સજ્ઝાયધ્યાન-ધર્મધ્યાન-કરવું.

૬૪ સામાયિક પારવાનો વિધિ.

ખમાસમણ, દઈ, ઇરિયાવહી પડિક્કમવાથી માંડી યાવત્ લોગસ્સ સુધી કરી, ખમા૦ દઈ૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહઉં ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહી, ખમાસમણ દઈ ઇચ્છા૦ સામાયિક પારું ?

ગુરુ કહે-પુણોવિ કાયવ્વં (ફરીને બીજું સામાયિક કરવા યોગ્ય છે)

પારનાર કહે-યથાશક્તિ, વળી ખમા૦ દઈ ઇચ્છા૦ સામાયિક પાર્યું.

ગુરુ કહે—આયારો ન મુત્તવ્વો (આચાર છોડવા જેવો નથી.) પારનાર કહે—તહત્તિ. પછી જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપી, એક નવકાર ગણી સામાઇઅ વયજુત્તો કહેવું, પછી જમણો હાથ આપણી સામે સવળો રાખીને (ઉત્થાપની મુદ્રા કરી) એક નવકાર ગણવો.

૬૫ પડિલેહણ કરવાની વિધિ

નવકાર, પંચિંદિઅથી સ્થાપના સ્થાપવા. સ્થાપનાચાર્ય હોય તો નવકાર, પંચિંદિઅ ન કહેવા. પછી ખમા૦ ઈરિયાવહી કહેવા. તસ્સઉત્તરી. અન્નત્થ૦ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી પ્રગટ લોગસ્સ કહી. ઉભે પગે બેસી, મુહપત્તિ, ચરવડો, કટાસણું ઉત્તરાસણ, ધોતિયું, કંદોરો, આદિનું પડિલેહણ કરવું. પછી ઇરિયાવહિયા પડિક્કમી કાજો કાઢી કલેવર સચિત્ત આદિ જોઈ, કાજાને જયણાથી સુપડીમાં લઇ, કાજો પરઠવવા જગ્યા શોધી અણુજાણહ જસ્સુગ્ગહો કહી, કાજો પરઠવીને ત્રણ વાર વોસિરઇ કહેવું. કાજો પરઠવ્યા પછી ઈરિયાવહિયા પડિક્કમવા.

૬૬ દેવ વાંદવાનો વિધિ.

પ્રથમ ઈરિયાવહી પડિક્કમવાથી માંડીને યાવત્ લોગસ્સ કહી ઉત્તરાસણ નાખી, ચૈત્યવંદન, નમુત્થુણં કહી જય-વીયરાય આભવમખંડા સુધી કહેવા. પછી બીજું ચૈત્યવદન કહી, નમુત્થુણં કહી, અરિહંત ચેઇ૦ અન્નત્થ૦ એક નવકારનો કાઉસ્સગ્ગને નમોર્હત્૦ એક થોય, પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કાઉસ્સગ્ગ, બીજી થોય પુક્ખરવરદી૦ સુઅસ્સ૦

અન્નત્થ૦ કાઉ૦ થોય, સિદ્ધાણં ૦ વેયાવચ્ચ ૦ અન્નત્થ૦ એક નવકારનો કાઉસ્સગ્ગ, નમોઽર્હત્ ૦ ચોથી થોય, વળી નમુત્થુણં કહીએ પ્રમાણે જ ચાર થોયો કહેવી. પછી નમુત્થુણં તથા જાવંતિ અને જાવંત કે વિ સાહૂ કહી, સ્તવન કહી અડધા જય વીયરાય–આભવમખંડા સુધી કહેવા. પછી ચૈત્યવંદન કરી નમુત્થુણં કહી આખા જય વીયરાય કહેવા ત્યારપછી ખમાસમણ દઇ ઇચ્છા૦ સજઝાય કરૂં ઇચ્છં કહી, નવકાર ગણી, મણ્ણહ જિણાણંની સજઝાય કહેવી. મધ્યાહ્ને તથા સાંજે દેવ વાંદીએ ત્યારે સજઝાય ન કહેવી.

૧૭ દેવસિઅ પ્રતિક્રમણની વિધિ

૧ પ્રથમ સામાયિક લેવું.

૨ પછી પાણી જ વાપર્યું હોય તો મુહપત્તિ જ પડિલેહવી.

૩ આહાર વાપર્યો હોય તો મુહપત્તિ પડિલેહી વાંદણાં બે દેવા પછી ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ આપશોજી.

૪ પછી, યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું.

૫ ખમાસમણ દઈ ઇચ્છાકારેણ૦ ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં. કહી. વડિલ અથવા પોતે ચૈત્યવંદન કહીને જંકિંચિ કહેવું પછી—

૬ નમુત્થુણં કહી, ઉભા થઈને અરિહંત ચેઇઆણં કહી. એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી, નમોઽર્હત્ કહીને પ્રથમ થોય કહેવી. પછી—

[illegible]

૭ લોગસ્સ કહેવો. સવ્વલોએ અરિહંત ચેઇઆણં કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને બીજી 'થોય' કહેવી પછી—

૮ પુક્ખરવરદી કહી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને 'ત્રીજી' થોય કહેવી પછી—

૯ સિદ્ધાણં બુદ્ધાણં કહી, વેયાવચ્ચગરાણં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી. પછી—

૧૦ બેસીને નમુત્થુણં કહેવું. પછી—

૧૧ ચાર ખમાસમણ દેવા પૂર્વક ભગવાનહં આચાર્યહં ઉપાધ્યાયહં સર્વસાધુહં ને થોભવંદન કરવું પછી ઇચ્છકારી સમસ્ત શ્રાવકને વંદું, કહી—

૧૨ ઇચ્છાકારેણ૦ દેવસિઅ પડિક્કમણે ઠાઉ ? ઇચ્છં કહી, જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપીને સવ્વસ્સ વિ દેવસિઅ૦ કહેવું. પછી—

૧૩ ઊભા થઇ, કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ કહી—

૧૪ પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. તે પારીને લોગસ્સ કહેવો.

૧૫ પછી બેસીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી વાંદણાં બે દેવાં.

૧૬ પછી ઊભા થઈને ઈચ્છાકાર૦ દેવસિઅં આલોઉં ? ઈચ્છં આલોએમિ, જો મે દેવસિઓ૦ કહીને—

૧૭ સાત લાખ કહેવા. પછી અઢાર પાપસ્થાનક આલોવીને—

૧૮ સવ્વસ્સ વિ દેવસિઅ૦ કહી બેસી જમણો પગ ઊભો રાખી

૧૯ એક નવકાર ગણી, કરેમિ ભંતે૦ ઈચ્છામિ પડિક્કમિઉં કહીને—

૨૦ વંદિત્તુ કહી બે વાંદણા દેવા પછી—

૨૧ અબ્ભુટ્ઠિઓ હું અબ્ભિંતર દેવસિઅં ખામીને વાંદણાં બે દેવા. પછી ઊભા થઈ આયરિય ઉવજ્ઝાએ કહેવા.

૨૨ પછી કરેમિ ભંતે૦ ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, જો મે દેવસિઓ૦ કહી. તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી બે લોગસ્સનો અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને લોગસ્સ કહેવો.

૨૩ પછી સવ્વલોએ અરિહંતચેઈઆણં કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને—

૨૪ પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ, કરેમિ કાઉ૦ વંદણ૦ કહી, એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને-

૨૫ સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી [illegible] કરેમિ કાઉસ્સગ્ગં [illegible] કહી, [illegible] કરી, પારીને- [illegible] [illegible] નમો- [illegible] [illegible] કહેવી. પછી—

૨૬ ખિત્તદેવયાએ કરેમિ કાઉ૦ અન્નત્થ૦ કહી, એક નવકારનો

કાઉસ્સગ્ગ કરી, પારીને પુરુષે નમોઽર્હત્‌૦ કહી, જીસેન્દ્ર ખિત્તે તથા સ્ત્રીએ નમોઽર્હત્‌૦ કહ્યા વિના યસ્યાઃ ક્ષેત્રં ની થોય કહેવી. પછી—

૨૭ પ્રગટ એક નવકાર ગણી, બેસીને છટ્ઠા આવશ્યકની મુહ-પત્તિ પડિલેહી બે વાંદણા લેવા પછી—

૨૮ સામાયિક, ચઉવ્વિસત્થો, વંદણુ, પડિક્કમણુ, કાઉસ્સગ્ગ પચ્ચક્ખાણ કર્યું છેજી, એમ કહી છ આવશ્યક સંભારવા.

૨૯ ઇચ્છામો અણુસટ્ઠિં, નમો ખમાસમણાણું કહી પુરુષ નમોઽર્હત્‌ કહીને, નમોઽસ્તુ વર્દ્ધમાનાય કહે અને સ્ત્રી માત્ર સંસારદાવાની ત્રણ થોયો કહે. પછી—

૩૦ નમુત્થુણં કહી ઇચ્છાકારેણ૦ સ્તવન ભણુ ? ઇચ્છં કહી નમોઽર્હત્‌૦સ્તવન,વરકનક પછી ભગવાનહં આદિ વાંદવા.

૩૧ જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી અડ્ઢાઇજ્જેસુ૦ કહેવું.

૩૨ ઇચ્છાકારેણ૦ દેવસિઅપાયચ્છિત્તવિસોહણત્થં કાઉસ્સગ્ગ કરૂ ? ઇચ્છં દેવસિઅપાયચ્છિત્તવિસોહણત્થં કરેમિ કાઉ-સ્સગ્ગં અન્નત્થ૦ કહી ચંદેસુ૦ સુધી ચાર લોગસ્સનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહેવો.

૩૩ પછી ખમાસમણુ બે દઈ, કમે સજ્ઝાય સંદિસાહુઉં ? અને સજ્ઝાય કરૂં ? એ બે આદેશો માગી બેસી એક 'નવકાર' ગણી સજ્ઝાય કહેવી, પછી એક નવકાર ગણી ખમાસમણુ દઈ—

૩૪ ઇચ્છાકારેણ૦ દુક્ખક્ખય-કમ્મક્ખય નિમિત્તં કાઉસ્સગ્ગ

[illegible] ? ઇચ્છં દુક્ખક્ખય-કમ્મક્ખયનિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં૦ અન્નત્થ૦ કહી સંપૂર્ણ ચાર લોગસ્સ અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી એક જણે અથવા પોતે પારી નમોઽર્હત્૦ લઘુશાન્તિ કહી પ્રગટ લોગસ્સ કહેવો.

૩૫ પછી ખમા૦ દઈ ઇરિયાવહિ. તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી પ્રગટ લોગસ્સ કહેવો.

૩૬ પછી ચઉક્કસાય, નમુત્થુણં કહી, જાવંતિ અને જાવંત કેવિ સાહૂ કહી ઉવસ્સગ્ગહરં. જયવીયરાય કહી મુહ-પત્તિ પડિલેહી સામાયિક પારવાના વિધિ પ્રમાણે સામાયિક પારવું. અંતરવિધિ ગુરુ પાસેથી સમજવો.

૬૮ રાઇઅ પ્રતિક્રમણનો વિધિ.

૧ પ્રથમ પૂર્વ રીતે સામાયિક લેવું પછી—

૨ ઇચ્છાકારેણ૦ કુસુમિણ-દુસ્સુમિણ ઉહાવણી રાઇઅપાય-ચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં કુસુમિણ-દુસ્સુમિણ ઉહાવણી રાઇઅપાયચ્છિત્તવિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી ચાર * લોગસ્સનો અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો પછી પ્રગટ લોગસ્સ કહી-

૩ ખમાસમણ દઈ જગચિંતામણિના ચૈત્યવંદનથી જય-વીયરાય સુધી કહેવું પછી—

* [illegible] 'સાગરવરગંભીરા' સુધી
[illegible] 'ચંદેસુ નિમ્મલયરા' સુધી

૪ ચાર ખમાસમણુ દેવાપૂર્વક ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં ને વાંદવા, પછી—

૫ ખમાસમણુ બે દઈ, સજ્ઝાયના આદેશ માંગી, એક નવકાર ગણીને ભરહેસરની સજ્ઝાય કહી નવકાર એક ગણવો પછી–

૬ ઉભા થઈ ઇચ્છકાર સુહરાઇ૦ કહેવા.

૭ ઇચ્છાકા૦ રાઇઅપડિક્કમણે ઠાઉં ? ઇચ્છં કહી જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપીને સવ્વસ્સ વિ રાઇઅ૦ કહેવું.

૮ નમુત્થુણં. કરેમિ ભંતે કહી, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, તસ્સ ઉત્તરી, અન્નત્થ૦ કહી, ચંદેસુ૦ સુધી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી—

૯ પ્રગટ લોગસ્સ કહી, સવ્વલોએ અરિહંત૦ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી પુક્ખરવરદી૦ સુઅસ્સ૦ વંદણ૦ કહી પંચાચારની આઠ ગાથા અથવા આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી સિદ્ધાણં બુદ્ધાણં, કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી વાંદણા બે દેવા.

૧૦ પછી ત્યાંથી તે અબ્ભુટ્ઠિઓ ખામી વાંદણાં બે દઈએ છીએ, ત્યાં સુધી સર્વ દેવસિઅની રીતે કહેવું પછી

૧૧ આયરિય ઉવજ્ઝાએ, કરેમિ ભંતે, ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં૦તસ્સઉત્તરી૦અન્નત્થ૦કહી તપચિંતવણીનો-અથવા સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો, તે પારીને-

૧૨ પ્રગટ લોગસ્સ કહી છટ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને વાંદણા બે દેવાં પછી—

૧૩ તીર્થવંદના કરવા સકલતીર્થ કહેવું *પછી—

૧૪ યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું. પછી—

૧૫ સામાયિક, ચઉવિસત્થો, વંદણ, પડિક્કમણ, કાઉસ્સગ્ગ પચ્ચક્ખાણ કર્યું છે જી, એમ કહી છ આવશ્યક સંભારવા તેમાં પચ્ચક્ખાણ કર્યું હોય તો કર્યું છે જી, કહેવું પછી ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં નમોઽર્હત્ કહી—

૧૬ વિશાલલોચન કહી નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને નમોઽર્હત્૦ કહી કલ્લાણકંદની પ્રથમ થોય કહેવી પછી—

૧૭ લોગસ્સ, પુક્ખરવરદી, સિદ્ધાણં-બુદ્ધાણં કહી અનુક્રમે બાકીની ત્રણેય થોયો કહેવી પછી—

૧૮ નમુત્થુણં કહી ભગવાનહં આદિ ચાર ખમાસમણે વાંદવા. પછી—

૧૯ જમણો હાથ ઉપધિ ઉપર સ્થાપી અડ્ઢાઇજ્જેસુ કહેવું પછી

૨૦ ખમા૦ દઈ શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન, સ્તવન, જય-વીયરાય, કાઉસ્સગ્ગ, થોય પર્યંત સર્વ કહેવું. પછી—

૨૧ ખમા૦ પૂર્વક શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન, સ્તવન, જયવીયરાય, કાઉસ્સગ્ગ થોય પર્યંત સર્વ કહેવું પછી—

૨૨ સામાયિક પારવાના વિધિ પ્રમાણે સામાયિક પારવું.

---

* [illegible]

૬૯ પચ્ચક્ખાણ પારવાનો વિધિ.

૧ પ્રથમ ઈરિયાવહિ પડિક્કમવા. પછી જગચિંતામણીનું ચૈત્યવંદન પૂરા જયવીયરાય સુધી કહેવું.

૨ પછી ખમા૦ ઇચ્છા સજ્ઝા૦ કરું કહી, નવકાર, મણ્ણુહ જિણાણુંની સજ્ઝાય કહી, ખમા૦ મુહપત્તિ પછી ખમા૦ દઈ ઇચ્છા૦ પચ્ચક્ખાણ પારું ? યથાશક્તિ કહી ખમા૦ દઈ ઇચ્છા૦ પચ્ચક્ખાણ પાર્યું, તહત્તિ એમ કહી, જમણો હાથ કટાસણા કે ચરવલા ઉપર સ્થાપી એક નવકાર ગણી પચ્ચક્ખાણ કર્યું હોય તે, કહીને પારવું. તે આ પ્રમાણે—

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, આયંબિલ, નીવિ, એકાસણું, બેઆસણું પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં તિરિઅ, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં.

તિવિહાર ઉપવાસવાળાએ નીચે પ્રમાણે પારવું.

સૂરે ઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર, પોરિસિ, સાડ્ઢપોરિસી, પુરિમડ્ઢ મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાણ કર્યું પાણહાર પચ્ચક્ખાણ ફાસિઅં૦ વિગેરે.

પછી આસને બેસી એક નવકાર ગણવો.

૭૦ પચ્ચક્ખાણો

૧ નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅંનું

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં-પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

૨ પોરિસી-સાડ્ઢપોરિસીનું.

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢ-પોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિઆહારં અસણં, પાણં, ખાઇમં. સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં. પચ્છન્નકાલેણં દિસામોહેણં, સાહુવયણેણં. મહત્તરાગારેણં, સવ્વ-સમાહિવત્તિયાગારેણં. વોસિરઇ.

૩. બેઆસણા-એકાસણાનું.

ઉગ્ગએ સૂરે. નમુક્કારસહિઅં, પોરિસિં. સાડ્ઢ-પોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ ઉગ્ગએ સૂરે. ચઉ-વ્વિહંપિઆહારં અસણં. પાણં. ખાઇમં. સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં. પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં. મહત્તરાગારેણં. સવ્વ-

સમાહિવત્તિયાગારેણં વિગઇઓ પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, બિયાસણં પચ્ચક્ખાઈ-તિવિહં પિ આહારં-અસણં, ખાઈમં, સાઈમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં. પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઇ.

જો એકાગણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો "બિયાસણં"ને ઠેકાણે "એગાસણં" કહેવું.

૪. આયંબિલનું

ઉગ્ગએ સૂરેનમુક્કારસહિઅં, પોરિસિં, સાડ્ઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિઆહારં-અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં,

૬. ચઉવિહાર ઉપવાસનું.

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઇ-ચઉવિહંપિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં-અન્નત્થણાભોગેણં, સહસાગારેણં;પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં,સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ.

સાંજના પચ્ચક્ખાણો.

બિયાસણું, એકાસણું, આયંબિલ, તિવિહાર ઉપવાસ કે છટ્ઠ વગેરે કરનારે સાંજે લેવાનું —

૧. પાણહારનું.

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઈ—અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

૨. ચૌદ નિયમ ધારનારે લેવાનું દેશાવગાશિકનું

દેસાવગાસિઅં ઉવભોગં પરિભોગં પચ્ચક્ખાઈ-અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

૩. ચઉવ્વિહારનું.

દિવસચરિમં પચ્ચક્ખાઈ—ચઉવ્વિહંપિ આહારં-અસણં, પાણં, ખાઇમં, સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

૪. તિવિહારનું

દિવસચરિમં પચ્ચક્ખાઈ—તિવિહંપિ આહારં અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહ- , સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

૫. દુવિહારનું

દિવસચરિમં પચ્ચક્ખાઇ—દુવિહંપિ આહારં, અસણં, ખાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં. સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

૭૧. તીર્થંકરોનાં નામ, લાંછન. વર્ણ

ક્રમ	નામ	લાંછન	વર્ણ
૧	ઋષભદેવ	બળદ	કંચન
૨	અજિતનાથ	હાથી	,,
૩	સંભવનાથ	ઘોડો	,,
૪	અભિનંદનસ્વામી	વાંદરો	,,
૫	સુમતિનાથ	ક્રૌંચપક્ષી	,,
૬	પદ્મપ્રભસ્વામી	કમળ	રક્ત
૭	સુપાર્શ્વનાથ	સાથિયો	કંચન
૮	ચંદ્રપ્રભસ્વામી	ચંદ્ર	ઉજ્વળ

૯ સુવિધિનાથ	મગરમચ્છ	ઉજ્જવળ
૧૦ શીતળનાથ	શ્રીવત્સ	કાંચન
૧૧ શ્રેયાંસનાથ	ગેંડા	,,
૧૨ વાસુપૂજ્યસ્વામી	મહિષ (પાડો)	રક્ત
૧૩ વિમલનાથ	વરાહ (ભૂંડ)	કાંચન
૧૪ અનન્તનાથ	સિંચાણો	,,
૧૫ ધર્મનાથ	વજ્ર	,,
૧૬ શાંતિનાથ	મૃગ	,,
૧૭ કુન્થુનાથ	છાગ (બોકડો)	,,
૧૮ અરનાથ	નંદાવર્ત્ત	,,
૧૯ મલ્લિનાથ	કુમ્ભ	નીલ
૨૦ મુનિસુવ્રતસ્વામી	કાચબો	શ્યામ
૨૧ નમિનાથ	લીલું કમળ	કાંચન
૨૨ નેમિનાથ	શંખ	શ્યામ
૨૩ પાર્શ્વનાથ	સર્પ	નીલ
૨૪ મહાવીરસ્વામી	સિંહ	કાંચન

૭૨. નવપદના નામ તથા વર્ણ

ક્રમ	નામ	વર્ણ	ક્રમ	નામ	વર્ણ
૧	અરિહંત	ધોળો	૬	દર્શન	ધોળો
૨	સિદ્ધ	રાતો	૭	જ્ઞાન	ધોળો
૩	આચાર્ય	પીળો	૮	ચારિત્ર	ધોળો
૪	ઉપાધ્યાય	લીલો	૯	તપ	ધોળો
૫	સાધુ	કાળો			

૭૩ વીશ વિહરમાન જિનનાં નામ

૧ સીમંધર	૮ અનન્તવીર્ય	૧૫ ઈશ્વર
૨ યુગમંધર	૯ સુરપ્રભ	૧૬ નેમિપ્રભ
૩ બાહુ	૧૦ વિશાલ	૧૭ વીરસેન
૪ સુબાહુ	૧૧ વજ્રધર	૧૮ મહાભદ્ર
૫ સુજાત	૧૨ ચન્દ્રાનન	૧૯ દેવયશા
૬ સ્વયંપ્રભ	૧૩ ચંદ્રબાહુ	૨૦ અજિતવીર્ય
૭ ઋષભાનન	૧૪ ભુજંગ	

૭૪ પ્રભુ દર્શન વખતે બોલવાના દુહા

પ્રભુ-દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવનિધ.
પ્રભુ-દરિશનથી પામીએ. સકલ પદારથ સિદ્ધ. ૧
ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન.
ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળ-જ્ઞાન. ૨
જીવડા ! જિનવર પૂજીએ. પૂજાના ફળ હોય.
રાજ નમે પ્રજા નમે. આણ ન લોપે કોય ૩
ફૂલડાં કેરા બાગમાં. બેઠા શ્રી જિનરાય
જેમ તારામાં ચન્દ્રમા. તેમ શોભે મહારાય. ૪
[illegible] ૫
[illegible] ૬
[illegible] ૭

વાડી ચંપો મ્હોરિયો સોવન પાંખડીએ;
પાસ જિણેસર પૂજીએ, પાચે આંગળીએ. ૮
પ્રભુ નામની ઔષધિ, ખરા ભાવથી ખાય,
રોગ શોક આવે નહિ, સવિ સંકટ મિટ જાય. ૯

વિવિધ તીર્થનું ચૈત્યવંદન

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ,
જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરું પ્રણામ. ૧
શેત્રુંજે શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ ઋષભ જુહાર. ૨
અષ્ટાપદગિરિ ઉપરે, જિન ચોવિશે જોય;
મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ૩
સમ્મેતશિખર તીરથ વડું, જ્યાં વીશે જિનપાય;
વૈભારગિરિવર ઉપરે, (શ્રી) વીર જિનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ,
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ ૫

શ્રી સામાન્ય જિનનું ચૈત્યવંદન

તુજ મૂરતિને નિરખવા, મુજ નયણાં તરસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરખે ૧
કાયા અતિ આનંદ મુજ, તુજ યુગપદ ફરસે;
તો સેવક તાર્યા વિના કહો કિમ હવે સરશે ! ૨
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય,
જ્ઞાનવિમળ પ્રભુ (સુ) નજરથી, તે શું જે નવિ હોય ! ૩

શ્રી પાર્શ્વનાથ સ્વામીનું ચૈત્યવંદન.

જય ચિંતામણિ પાર્શ્વનાથ! જય ત્રિભુવન સ્વામી!
અષ્ટકર્મ રિપુ જિતીને, પંચમી ગતિ પામી. ૧
પ્રભુનામે આનંદ કંદ-સુખસંપત્તિ લહિયે.
પ્રભુનામે ભવભયતણાં, પાતક સવિ દહિયે. ૨
ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પારસ નામ:
વિષ અમૃત થઈ પરગમે, લહીએ અવિચળ ઠામ. ૩

શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

જગજીવન જગવાલહો, મરૂદેવીનો નંદ લાલ રે.
મુખ દીઠે સુખ ઉપજે, દરિસન અતિહિ આનંદ લાલ રે-જ૦૧
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિસમ ભાલ લાલ રે,
વદન તે શારદ ચાંદલો, વાણી અતિહિ રસાળ લાલ રે-જ૦૨
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય-સહસ ઉદાર લાલ રે
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે-જ૦૩
ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઈ ઘડિયું અંગ લાલ રે
ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે-જ૦૪
ગુણ સઘળા અંગીકર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે,
વાચક વિનયવિજય તણો, દીજે વાંછિત પોષ લાલ રે-જ૦૫

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

[illegible]
[illegible] સિદ્ધારથ રે
[illegible]

તુમ ગુણગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉં રે,
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવિ પેસે રે;
જે માલતી–ફુલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે. ગિ૦૩
એમ અમે તુમગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પર સુર આદરે જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦૪
તું ગતિ તું મતિ આશરો, તુ આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તુ જીવજીવન આધારો રે. ગિ૦૫

શ્રી અજિતનાથ સ્વામીનું સ્તવન.

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું,
પ્રભુપાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જલદઘટા જેમ શિવ–સુત–વાહન દાય જો–પ્રીત૦ ૧
નેહઘેલું મન માહરૂં રે પ્રભુ અળજે રહે,
તન મન ધન તે કારણથી પ્રભુ મુજ જો;
મારે તો આધાર રે સાહેબ રાવળો,
અંતરગતનું પ્રભુ આગળ કહું ગુજ્ઝ જો–પ્રીત૦ ૨
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો;
એહવા રે આચરણે કેમ કરી રહું ?
બિરુદ તમારું તારણ તરણ જહાજ જો–પ્રીત૦ ૩

તારકતા તુજમાંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ ! જો;

તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે:
શું ઘણું કહીએ ? જાણ આગળ કૃપાળ ! જો–પ્રીત૦ ૪

કરૂણા દૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ–ભય–ભાવઠ ભાંગી ભક્તિ પ્રસન્ન જો.

મનોવાંછિત ફળીયા રે પ્રભુ આલંબને,
કર જોડીને મોહન કહે મનરંગ જો–પ્રીત૦ ૫

સ્તુતિઓ.

શ્રી પાર્શ્વનાથ સ્વામિની સ્તુતિ.

શંખેશ્વર પાસજી પૂજીએ. નરભવનો લાહો લીજીએ.
મનવાંછિત પૂરણ સુરતરુ, જય વામાસુત અલવેસરુ. ૧

દોય રાતા જિનવર-અતિભલા. દોય ધોળા જિનવરગુણનીલા.
દોય નીલા દોય શામળ કહ્યા. સોળે જિન કંચનવર્ણ લહ્યા. ૨

આગમ તે જિનવર ભાખિયો. ગણધર તે હૈડે રાખિયો:
તેહનો રસ જેણે ચાખિયો. તે હુવો શિવસુખ સાખિયો ૩

[illegible] પદ્માવતી [illegible] ગુણ ગાવતી
[illegible] સંકટ ચૂરતી [illegible] વાંછિત પૂરતી. ૪

શ્રી ઋષભદેવ સ્વામિની બે સ્તુતિઓ.

(૧)

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગતસ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવળ સિરિ રાયા, મોક્ષનગરે સિધાયા. ૧

(૨)

પ્રહ ઉઠી વંદું, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઇન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુર નર–નારીના વૃંદ. ૧

શ્રી નેમિનાથ સ્વામિની સ્તુતિ.

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી.
તેહના પરિહારી, બાળથી બ્રહ્મચારી,
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવળસિરિ સારી, પામિયા ઘાતી વારી. ૧

શ્રી પાર્શ્વનાથ સ્વામિની સ્તુતિ.

પાસ જિણંદા, વામાનંદા, જબ ગરભે ફળી,
સુપનાં દેખે, અર્થવિશેષે, કહે મઘવા મળી,
જિનવર જાયા, સુર હુલરાયા, હુવા રમણીપ્રિયે,
નેમિ-રાજિ, ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે. ૧

ક્રોધની સજ્ઝાય.

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે.
રીસ તણો રસ જાણીએ, હળાહળ તોલે—ક૦ ૧
ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમફળ જાય.
ક્રોધસહિત તપ જે કરે, તે તો લેખે ન થાય—ક૦ ૨
સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ્ય.
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ—ક૦ ૩
આગ ઉઠે જે ઘરથકી, તે પેહેલું ઘર બાળે
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે—ક૦ ૪
ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણી,
હાણ કરે જે હિતની, જાળવજો એમ જાણી—ક૦ ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી,
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી—ક૦ ૬

માનની સજ્ઝાય.

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે,
વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે—રે૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહી, ચારિત્ર વિણ નહી મુક્તિ રે
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ યુક્તે રે—રે૦ ૨
વિનય વડો સંસારમાં, ગુણમાંહે અધિકારી રે,
[illegible]
[illegible]
[illegible]

સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫

માયાની સજ્ઝાય.

સમકિતનું મૂળ જાણીએ જી, સત્ય વચન સાક્ષાત;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે—
પ્રાણી! મ કરીશ માયા લગાર. મ૦૧
મુખ મીઠો જુઠો મનેજી, કૂડકપટનો રે કોટ;
જીભે તો 'જીજી' કરેજી, ચિત્તમાં તાકે ચોટ રે–પ્રાણી! મ૦૨
આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરોજી, એ માયાનો પાસ રે–પ્રાણી! મ૦૩
જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂળ રે–પ્રાણી મ૦૪
તપ કીધો માયા કરીજી, મિત્ર શું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી,તો પામ્યા સ્ત્રીવેદ રે–પ્રાણી! મ૦૫
ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે–પ્રાણી! મ૦૬

લોભની સજ્ઝાય.

તમે લક્ષણ જોજો લોભનાં રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ઘટ પંથે સંચરે રે તુમે૦ ૧
તજે લોભ તેહના લેઉં ભામણા રે,વળી પાયે નમીને કરૂ ખામણાં રે,
લોભે મરજાદા ન રહે કેહની રે, તુમે સંગત મેલો તેહની રે૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે, લોભે ઉચ્ચ તે નીચું આચરે રે;
લોભે પાપભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતાં ન ઓસરે રે ૩

લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે;
લોભે ન ગણે પ્રીતિ ને પાવડું રે, લોભે ધન મેળવે બહુ એકઠું રે. ૪

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતક નવિ ગણે રે;
તે તો દામ તણે લોભે કરી રે, ઉપર મણિધર થાયે મરી રે. ૫

જેનાં લોભનો થોભ દીસે નહિ રે, એવું મંત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે,
લોભે મક્ષીમૂમણ નામે જુઓ રે, તે તો સમુદ્રમાંહે ડૂબી મુઓ રે ૬

એમ જાણીને લોભને છાંડજો રે, એક ધર્મશું મમતા માંડજો રે,
કવિ ઉદયરત્ન ભાખે મુદા રે વંદું લોભ તેહને સદા રે ૭

સમરો મંત્ર ભલો નવકાર

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર,
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર. સ૦ ૧

સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ ને રાત,
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંગાથ. સ૦ ૨

[illegible]
[illegible] ૩

[illegible]
[illegible] ૪

[illegible]
[illegible] ૫

ચાર શરણાં

૧ મુજને ચાર શરણાં હોજો, અરિહંત સિદ્ધ સુસાધુજી,
કેવલી ધર્મ પ્રકાશીઓ, રત્ન અમુલખ લાધું જી. મુજ૦ ૧
ચિહું ગતિ તણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એહોજી;
પૂર્વે મુનિવર જે હુઆ, તેણે કીધાં શરણા તેહોજી. મુજ૦ ૨
સંસારમાંહી જીવને, તારીસ શરણાં ચારોજી,
ગણિ સમયસુંદર એમ કહે, કલ્યાણ મંગલકારોજી. મુજ૦ ૩

૨ લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકોજી.
મિચ્છામિદુક્કડ દીજીએ જિનવચને લહીએ ટેકોજી, લાખ૦૧
સાત લાખ ભૂદગ તેઉ વાઉના દશ ચૌદ વનના ભેદોજી,
ષટ્ વિગલસુરતિરિનારકી, ચઉચઉચૌદ નરના ભેદોજી લાખ૦૨
મુજ વૈર નહિ કેહશું, સહું શું મૈત્રી ભાવોજી.
ગણિ સમયસુંદર એમ કહે, પામીએ પુન્ય પ્રભાવોજી, લાખ૦૩

૩ પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી
આલોયાં પાપ છૂટીએ, ભગવંત એણી પેરે ભાખેજી. પાપ૦૧
આશ્રવ કષાય દોય બંધવા, વળી કલહ અભ્યાખ્યાનોજી.
રતિ અરતિ પૈશુન્ય નિંદના, માયા મોહ મિથ્યાત્વજી પાપ૦ ૨
મન વચન કાયાએ જે કીધાં, મિચ્છામિ દુક્કડં તેહોજી.
ગણિ સમયસુંદર એમ કહે જૈનધર્મનો મર્મ એહોજી પાપ૦ ૩

૪ ધન ધન તે દિન મુજ કદી હોશે ? હું પામીશ સંજમ સુદ્ધોજી,
પૂરવ ઋષિ પંથે ચાલશુ, ગુરુ વચને પ્રતિબુદ્ધોજી ધન૦ ૧
અન્ત પ્રાન્ત ભિક્ષા ગૌચરી, રણવને કાઉસ્સગ્ગ લેશુંજી,
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સૂધો ધરશુંજી. ધન૦ ૨
સંસારના સંકટ થકી, છુટીશ જિન વચન અવધારોજી,
ધન્ય સમયસુંદર તે ઘડી, પામીશ ભવનો હું પારોજી. ધન૦૩
